Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જીનમતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૯મું. શક ૧૮૧૫ આશ્વિન શુદિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૭મો.

## स्वधर्मि ने सूचवन

### લાવણી.

સૌ જૈન બંધુઓ ઊઠો ઊઠો દિલ ધારી,
આચરો આત્મહિત આપ પ્રમાદ વિદારી. ( એ ટેક )
ધરી ધરારત્ન નિજધર્મ કર્મ પરિહારી;
નિજ સાધર્મી ઉદ્ધાર કરો સુવિચારી. સૌ જૈન ૧
નિજ બાળકને દ્યો જ્ઞાન ધર્મ વિદ્યાનું;
આપો વિજ્ઞાન વિશેષ નીતિ સુકલાનું. સૌ જૈન ૨
નિજ બાલિકાઓને કરો બોધ ધરી પ્રીતિ;
પ્રાચીન સુંદરી સતી તણી એ રીતિ. સૌ જૈન ૩
સૌ ધરો ગિરા ગીર્વાણ તણી મુખ કમલે;
ધારો જિન વચનામૃતો હૃદય નિજ કમલે. સૌ જૈન ૪
વાંચો ચરિતો ધરી ચિત્ત ચારૂ પુન્ય જનના;
કુવિચાર હરો સુવિચાર કરો નિજ મનના. સૌ જૈન ૫
ખરી ખંત ધર્મના કર્મ વિષે ખુબ રાખો;
પ્રાચીન પુસ્તકો તણાં સરસ રસ ચાખો. સૌ જૈન ૬

For Private And Personal Use Only

ધર્માભિમાન મનરંગે મગ્ન થઈ મનમાં;
રાખો નહિ નિજ મન ટેક નેક ધરી જનમાં. સૌ જૈન ૭
એનો ભક્ત ભાવથી ભજો ભાવતી માતા;
વિદ્વાન વર્ગમાં કરો કીર્ત્તિ વિખ્યાતા. સૌ જૈન ૮
ભાષા સુભગી રાજની પદ્વિઓ પામો;
ધરી ધર્મ અડ્ડ નિજ હાથ જગતમાં જામો. સૌ જૈન ૯
કૉન્ગ્રેશ કરી નિજ કોમ સુધારો જગમાં;
જયવંત જૈનનો ઉદય કરો આ જગમાં. સૌ જૈન ૧૦

# द्रौपदी.

( સાંધણ પૃષ્ઠ ૮૩ થી. )

આચાર્યશ્રીના મુખથી એ સર્વ વૃત્તાંત સાંભળીને તે સર્વે સાધુ સાધ્વીઓ ત્યાંથી નીકળ્યા. નીકળીને ચંપાનગરી માંહે રાજમાર્ગમાં, ન્હાના રસ્તામાં, ચોકમાં, ચૌટામાં, ત્રિખુણા માર્ગમાં-એમ સર્વ ઠેકાણે ઉભા રહી ઘણા લોક સમક્ષ ધર્મરુચિ મુનિ સંબંધી સર્વ હેવાલ કહી સંભળાવવા લાગ્યા અને પ્રાંતે કહેવા લાગ્યા કે-હે દેવાનુપ્રિયો ! ધિઃક્કાર છે તે અધન્યવતી, અપુણ્યવતી-દરિદ્રી-નાગશ્રી બ્રાહ્મણીને કે જેણે આવા ઉત્તમ મુનિની હત્યા કરી. નગરજનો સર્વે નિગ્રંથોના મુખથી એ સાધુના મૃત્યુરૂપ સમાચાર સાંભળી ઋષિહત્યા કરવાને માટે નાગશ્રીને અત્યંત ધિક્કારવા લાગ્યા. એ સમાચાર લોકોના મુખથી તે ત્રણે ભાઈઓએ સાંભળ્યા. સાંભળીને અત્યંત ક્રોધાતુર થયા. તરતજ ઘરે આવી નાગશ્રીને તિરસ્કાર પૂર્વક કહેવા લાગ્યા-અરે નાગશ્રી! તું મૃત્યુની વાંચ્છનારી છે, તારો અંત કાળ દુઃખે નિર્ગમન થવાનો છે, તું અધમ છે, તું નીચ છે, તું દુર્ભાગી છે, ધિઃક્કાર થાઓ તુજને કે માસખમણના પારણાને વિષે વહોરવા આવેલા ઉત્તમ સાધુને તેં શરદઋતુનો નીપજેલ કડવો તુંબડો વહોરાવી મુનિ હત્યા કરી? તું જન્મતાંજ મૃત્યુ કાં ન પામી, તું ફાટી પડી કેમ નહીં, તું દુષ્કુલીના-નીચ જાતિની અમારા કુળમાં ક્યાંથી આવી ! ! વળી આક્રોશ તર્જના પૂર્વક તેનો પતિ અને દેવર કહેવા લાગ્યા કે-રે દુર્ભાગિણી ! અમારા ઘરમાંથી બહાર નીકળી-અમારા વસ્ત્રાભરણ છોડી દે, અને તારૂં કાળું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

મોઢું આગળે વધારે વખત ન બતાવ! એમ કહી તેની પાસેથી વસ્ત્રાભરણ લઇ લેઇ-એક ફાટેલું વસ્ત્ર પહેરવા આપી-લાત મારી ઘણી નિર્ભર્ત્સના કરી ઘર બહાર કાઢી મુકી.

તે વાર પછી તે નાગશ્રી ઘણા લોકોથી હેલાતી, ઘણા લોકોથી ધીક્કાર પામતી, મુહપાછળ ભુંડું બોલાતી, અત્યંત નિંદા પામતી, મુખ સમક્ષ લોકોની ગાળો સાંભળતી, ઘણા પ્રકારની તર્જના પામતી, "પાપણી" એવા શબ્દથી સજ્જનોના મુખે અને આંગળીએ ચીંધાતી, દુર્જનો-અટકચાળા અને ઠોકરવાદી કરનારા મનુષ્યથી લાત, ગડદા પાટુ અને લાકડીના માર ખાતી, સ્થળે સ્થળે થુથુકાર સાંભળતી પાછળ પથરા ફેંકાતી-એવી સ્થિતિમાં ચંપાનગરીમાં રખડવા લાગી. કોઇ સ્થાન આપે નહિ, કોઇ આશ્રમ આપે નહિ અને કોઇ ઘરમાં પેસવા દે નહી. ફાટેલું-સાંધેલું કહેલું વસ્ત્ર પહેર્યું છે, હાથમાં ભીખ માગવાનુ પાત્ર ધારણ કર્યું છે, કેશ વિખરાયેલા છે, પગમાં વાગવાથી શરીરમાંથી લોહી નીકળે છે, માંખીઓ બણ બણે છે એવી સ્થિતિમાં ઘરે ઘરે અન્નને માટે ભમવા લાગી. ત્યાં કોઇએ અન્ન ન આપવાથી ઘરની ઉપર અન્નપિંડ મુકેલ-નાખી દીધેલ એવા અન્નપિંડથી આજીવિકા કરવા લાગી. અનુક્રમે શ્વાસ, જ્વર, દાહજ્વર, ભગંદર, કુષ્ટ વગેરે સોળ રોગ શરીરને વિષે ઉત્પન્ન થયા. અત્યંત પીડા પામતી પ્રાંતે કાળ કરી બાવીશ સાગરોપમના આયુષ્યની સ્થિતિએ છઠ્ઠી નારકીને વિષે ઉત્પન્ન થઇ.

"વાંચનાર! ઋષિહત્યા કરવાના તેજ ભવમાં પ્રાપ્ત થયેલા ફળ જો! હજી પણ ઘણા ભવ સુધી તે ફળ ભોગવવા પડશે માટે મુનિના દૂષણ બોલતા-મુનિને દુઃખ લાગે એવા વાક્યો બોલતા-મુનિને ખરાબ આહાર વહોરાવતા વિચાર કરજે!'

ત્યાંથી તે નાગશ્રી અંતર રહિત નીકળીને માછલીની કુક્ષિને વિષે ઉત્પન્ન થઇ. ત્યાં શસ્ત્રે હણાવાથી કાળ કરી ઉત્કૃષ્ટી તેત્રીશ સાગરોપમની સ્થિતિયે સાતમી નારકીમાં ઉત્પન્ન થઇ. ત્યાંથી નિકળી બીજીવાર માછલી થઇ શસ્ત્રે હણાવાથી મૃત્યુ પામી પુનઃતેવીજ રીતે સાતમી નારકીને વિષે ગઇ. ત્યાંથી ચવી ત્રીજીવાર મચ્છજાતિમાં જન્મ પામી વધ કરવા લાયક શસ્ત્રોથી હણાઇ ઉત્કૃષ્ટી સ્થિતિએ છઠ્ઠી નારકીને વિષે ઉત્પન્ન થઇ. ત્યાંથી ચવી ઉરપરિસર્પને વિષે ઉત્પન્ન થઇ. એ પ્રકારે ભગવતિ સૂત્રમાં જેમ ગોશાળાનો અધિકાર કહ્યો છે તેમ અનંત સંસારમાં પરિભ્રમણ કરે. સાતે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાગશ્રીને વિષે ગર્ભ, સાતવાર અસન્નીયાને વિષે ઉત્પન્ન થઇ, ત્યાંથી ખેચર જાતિમાં-પક્ષી યોનિમાં ઘણા વખત સુધી પરિભ્રમણ કરી બાદર પૃથ્વીકાયમાં ઉત્પન્ન થઇ. એમ ઘણા ભવ કર્યા—ઘણા દુઃખ ભોગવ્યા. પાંચે સ્થાવરમાં ફરી અનુક્રમે તે નાગશ્રીનો જીવ ઘણોકાળ ગયા પછી આ જંબુદ્વીપના ભરતક્ષેત્રને વિષે ચંપા નામે નગરીમાં સાગરદત્ત નામે શેઠની ભદ્રા નામે ભાર્યાની કુક્ષિને વિષે પુત્રીપણે ઉત્પન્ન થઇ નવમાસ પરિપૂર્ણ થયે ભદ્રા શેઠાણીએ પુત્રીને પ્રસવી. હસ્તિના તાળવા જેવી અત્યંત સુકોમળ હોવાથી માતા પિતાએ બારમે દિવસે ગુણ નિષ્પન્ન સુકુમાલિકા એવું નામ પાડ્યું.

તે વાર પછી એક ધવરાવનારી, એક ન્હવરાવનારી, એક શણગારનારી એક ખોળાને વિષે તેડીને બેસી રહેનારી, અને એક ક્રીડા વિનોદ કરાવનારી—એવી પંચધાવે પાલન થતી તે સુકુમાલિકા, જેમ પર્વતની ગુફામાં ઉગેલી ચંપકલતા નિર્વાત, નિર્વ્યાઘાત અને ઉપદ્રવ રહીતપણે રહી છતી વૃદ્ધી પામે. તેમ વૃદ્ધિ પામી અને અનુક્રમે બાલ્યભાવ—બાળપણાના સ્વભાવનો ત્યાગ કરી રૂપ, યૌવન અને લાવણ્ય ગુણવડે ઉત્કૃષ્ટ શરીરને ધારણ કરનારી અને સર્વાંગે સુંદર થઇ.

તે સમયે તે ચંપાનગરીને વિષે જિનદત્ત નામે ઋદ્ધિવંત સાર્થવાહ વસતો હતો. તેની ભદ્રાનામે મનોહર સ્ત્રી હતી. પરસ્પર અત્યંત સ્નેહને ધારણ કરનારા તેઓ મનુષ્ય સંબંધી સર્વ પ્રકારના ભોગ સુખે ભોગવતા રહેતા હતા. તેઓને સુરૂપ, સુકુમાળ અને સુંદરાકારવાળો સાગર નામે એક પુત્ર હતો. એક દિવસ તે જિનદત્ત સાર્થવાહ સાગરદત્ત શેઠના ઘર પાસે થઇને રસ્તે ચાલ્યા જાય છે તે વખતે સુકુમાલિકા ન્હાઇને દાસીના પરિવાર સાથે સોનાના દડાવડે ક્રીડા કરતી હતી તેણીને જોઇ તેણીનું શરીર, રૂપ યૌવન અને લાવણ્ય ગુણથી અત્યંત શોભીતું જોઇ તેઓ આશ્ચર્ય પામ્યા. પછી પોતાના આદેશકારી પુરૂષોને તેડાવી હુકમ કર્યો કે અમુક સ્થળે મેં એક રૂપવતી કન્યા જોઇ તે કોની પુત્રી છે અને તેણીનું શું નામ છે તે તપાસ કરી લાવો. તેઓએ તપાસ કરી જણાવ્યું કે એ સાગરદત્ત શેઠની પુત્રી છે અને તેનું સુકુમાલીકા નામ છે.

આદેશકારી પુરૂષના મુખથી સર્વ સમાચાર સાંભળી ઘરે આવી સ્નાન કરી, વસ્ત્રાભુષણ પહેરી મિત્ર વર્ગને સાથે લઇ જિનદત્તશેઠ સાગરદત્તના ઘર તરફ ચાલ્યા. તેઓને આવતા દેખી સાગરદત્તે ઉઠી ઉભા થઇ સામા આવી સત્કાર કર્યો. ઘરમાં તેડી જઇ સુંદર આસન ઉપર બેસાર્યા. જરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાર વિશ્રામ લીધા પછી આગમન કારણ પૂછ્યું ત્યારે જિનદત્તે કહ્યું-હે દેવાનુપ્રિય! તમારી સ્ત્રી ભદ્રાથી ઉત્પન્ન થયેલી કુમારીકા સુકુમાલીકાની મારા પુત્ર સાગરને માટે યાચના કરવા આવ્યો છું. જો એઓના સંબંધથી યુગતી જોડ થશે એમ જાણતા હો, જો મારા પુત્રને પાત્ર, ગુણવંત, શ્લાઘનીય અને તમારી પુત્રીને લાયક સમજતા હો તો એ વચન આપ અંગીકાર કરો. એવું સાંભળી સાગરદત્તે કહ્યું-મિત્ર! મારે એ સુકુમાલિકા એક પુત્રીજ છે તેથી મને તે ઘણી વ્હાલી છે તેનો વિયોગ હું ક્ષણ માત્ર પણ સહન કરી શકું નહિ, માટે તમારો પુત્ર સાગર જો ઘર જમાઇ થઇને રહે તો મારી પુત્રી હું તેને આપું. તમે તેને પુછી જુઓ અને પછી મને કહેવરાવો.

પછી સાગરદત્તને નમન કરી જિનદત્ત સાર્થવાહ પોતાને ઘરે ગયા. ત્યાં પુત્રને તેડાવી સર્વ હકીકત કહી જણાવ્યું કે-સાગરદત્ત શેઠ ઘરજમાઇ રાખવાની માંગણી કરે છે માટે તારો શું વિચાર છે. તે સાંભળી તે મૌન રહ્યો એટલે શેઠે તેની મરજી છે એમ જાણી સાગરદત્તને કહેવરાવ્યું. પછી રૂડે મુહુર્તે ચાર પ્રકારની સુંદર રસોઇ બનાવી જ્ઞાતીવર્ગ મિત્ર અને પરિવારને જમાડી તેઓનો સત્કાર કરી સાગરને અંઘોળ કરાવે; અંઘોળ કરાવ્યા પછી વસ્ત્ર આભુષણ અને અલંકારથી શણગારી એક સુંદર શિબિકામાં બેસારે બેસારી મિત્ર જ્ઞાતિ પ્રમુખ સઘળા પરિવારે સહિત વાજતે ગાજતે ઘરેથી નીકળ્યા. ચંપા નગરીના મધ્ય મધ્ય માર્ગને વિષે થઇ જ્યાં સાગરદત્ત શેઠનું ઘર છે ત્યાં આવી, સાગરપુત્રને પાલખીમાંથી નીચે ઉતારી સાગરદત્ત સાર્થવાહને અર્પણ કર્યો. પછી સાગરદત્ત શેઠે અન્ન, પાણી, ખાદિમ, સ્વાદિમ,-એ ચાર પ્રકારનો આહાર રંધાવી મિત્ર અને જ્ઞાતી પ્રમુખને જમાડીને ફુલ, ફળ, વસ્ત્ર, આભરણ અને અલંકારથી સન્માન્યા. પછી સાગર અને સુકુમાલિકાને પાટલા ઉપર બેસારી સોનાના અને રૂપાના કલશથી મજ્જન કરાવ્યું પછી વસ્ત્રાલંકારથી વિભુષિત કરી,-હોમ કરી-બંનેનું પાણિ ગ્રહણ કરાવ્યું. પાણિગ્રહણ સમયે સાગરને સુકુમાલિકાના હાથનો સ્પર્શ, ખડ્ગની ધારા-કરવતની ધારા-વીંછુના કાંટા-અગ્નિના તણખાના સ્પર્શ કરતાં પણ અનિષ્ટતર લાગ્યો પરંતુ ચોરીમાં અભિલાષા રહિત પરવશ પણાથી બે ઘડી બેશી રહ્યો. પાણિગ્રહણ ક્રિયા થઇ રહ્યા પછી સુકુમાલિકાના પિતાએ સાગરના માતા-પિતા તથા જ્ઞાતિ પ્રમુખને સુંદર ભોજન જમાડી, તંબોળ, ફુલ, ફળ, વસ્ત્ર આભરણથી સત્કાર કરી ઘર તરફ વિદાય કર્યા. પછી સુકુમાલિકાની સાથે સાગર શયન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓરડામાં ગયો ત્યાં તેઓ એક પલંગમાં સુતા પરંતુ સાગરને સુકુમાલિકાનો સ્પર્શ તરવારની ધારા કરતા પણ અસહ્ય લાગ્યો; તોપણ પરવશ પણાથી બે ઘડી લગી સુઇ રહ્યો. જ્યારે સુકુમાલિકા ઉંઘી ગઇ ત્યારે ત્યાંથી ઊઠીને પોતાને સુવાની જુદી શય્યા હતી ત્યાં સુઇ ગયો. થોડીવારે સુકુમાલિકા જાગી. પતિને નહિ દેખવાથી તેની પાસે જવાની ઈચ્છા થઈ. પતિવ્રતા-પતિરક્તા સ્ત્રીનો એવો નિયમ છે કે પોતાને પડખે ભર્તારને સુતેલ ન દેખે તો પલંગ ઉપરથી ઉઠી જાય. પછી ઉઠીને જ્યાં ભર્તારની સય્યા છે ત્યાં આવી અને પતિના પાસામાં સુઇ ગઇ. ત્યાં તેના સ્પર્શથી સાગર તરત જાગી ઉઠ્યો અને તેણીના સ્પર્શ સંબંધી અત્યંત દુ:ખ અનુભવવા લાગ્યો. સ્ત્રીની વાંછના રહિત થયો તોપણ પરવશ પણાથી સુઇ રહ્યો. થોડીવાર થઈ ત્યાં સુકુમાલિકા ઉંઘી ગઇ. એટલે સાગર શય્યાથી ઉઠીને, વાસગૃહનું બારણું ઉઘાડી, જેમ વધસ્થાનકથી છુટેલ પ્રાણી નાસી જાય તેમ પોતાના ઘરની દિશા તરફ નાઠો.

સુકુમાલિકા થોડી વાર થઇ ત્યાં જાગી ઉઠી. ભર્તારને ન જોઇ ભર્તાર સમીપે જવાની ઈચ્છાથી પલંગ ઉપરથી ઉઠી. ચો તરફ તપાસ કરી પણ પતિને જોયો નહિ એવામાં બારણા ઉપર નજર ગઇ તો તે ઉઘાડું જોયું એ ઉપરથી પતિ નાસી ગયો છે એવી અટકળ બાંધી. પતિના નાશી જવાથી પોતાના સર્વ મનોરથ હણાયા જાણી કલ્પાંત કરવા લાગી. આર્તધ્યાન કરતી બૂરી સન્મુખ જોતી, મારો સ્વામી નાથ-પતિ શા માટે ચાલ્યો ગયો એ સંબંધી વિચાર કરતી અપશોષમાં બેઠી.

અપૂર્ણ

# પ્રતિક્રમણ.

અનુસંધાન પૃષ્ટ ૧૦૧ થી.

પૂર્વે સઝાય કહેવા પર્યંતની વિધિનું વર્ણન સહેતુક કહેલું છે ત્યાર પછી **દુ:ખખ્ખઓ કમ્મખ્ખઓ નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં૦** કહીને ચાર લોગસ્સનો કાયોત્સર્ગ કરવો, **શાંતિ** સાંભળવી અથવા કહેવી અને પ્રગટ **લોગસ્સ** કહેવો એ વિધિ તથા ત્યારપછી શ્રાવકને **સામાયક** પાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાની અંતર્ગત [1]ચઉક્કસાયનું ચૈત્યવંદન જયવિયરાય પર્યંત કરવાની વિધિ પરંપરાથી સમાચારી ગત જાણી લેવી. જે ગ્રંથ ઉપરથી આ વિષય લખવામાં આવે છે તેમાં એ વિધિ સંબંધી લેખ નથી.

હવે પૂર્વે કહી ગયા પ્રમાણે હેતુ સમજીને પ્રતિક્રમણ કરવું તેને માટે યોગ્ય સમય જે પ્રારંભમાં બતાવેલો છે તે સમયે પ્રતિક્રમણ ( આવશ્યક ) ન કરે તો ચાર લઘુમાસનું[2] પ્રાયશ્ચિત આવે, માંડલીમાં બેસીને પ્રતિક્રમણ ન કરે ( એકલા કરે ) તોપણ ચાર લઘુ માસનું, કુશીલની સાથે પ્રતિક્રમે તોપણ ચાર લઘુ માસનું, નિદ્રા પ્રમાદાદિક કરીને પ્રતિક્રમણમાં એકઠો ન મળી જાય તો એક કાયોત્સર્ગે ભિન્ન માસ, બે કાયોત્સર્ગે લઘુ માસ, અને ત્રણ કાયોત્સર્ગ સુધી જુદો રહે તો ગુરૂ માસનું પ્રાયશ્ચિત આવે તથા ગુરૂ મહારાજાએ કાયોત્સર્ગ પાર્યા અગાઉ પોતે પારે તો ગુરૂમાસ અને સર્વ કાયોત્સર્ગને વિષે ચાર લઘુ માસ એ પ્રમાણે પ્રાયશ્ચિત શ્રીવ્યવહાર સૂત્રમાં કહેલ છે તે પ્રમાણે જાણી લેવું. વાંદણાને વિષે પણ કાયોત્સર્ગની પ્રમાણે પ્રાયશ્ચિત્ત જોડી દેવું.

મુનિઓ પ્રતિક્રમણ કરી રહ્યા પછી ગુરૂ મહારાજની સમિપે તેજ પ્રકારે અંતર્મુહુર્ત પર્યંત બેસી રહે કારણકે કદાચિત્ આચાર્ય મહારાજ કોઈક અપૂર્વ સમાચારી પ્રરૂપે અથવા કોઇ અપૂર્વ અર્થનું, પદનું સ્વરૂપ વર્ણવે તો તે શ્રવણગત થાય એ પ્રમાણે શ્રી ઓઘનિર્યુક્તિને વિષે કહ્યું છે.

અહીં પ્રતિક્રમણને વિષે ક્રિયા, કર્તા અને કર્મ એ ત્રણે વાના લભ્ય છે. પ્રતિક્રમણ એ ક્રિયા, પ્રતિક્રમણ કરનાર તે કર્તા અને મિથ્યાત્વ કષાયાદિક પ્રતિક્રમણ કરવાને યોગ્ય તે કર્મ જાણવું. તેમાં કર્તા સાધુ વિગેરે સમ્યક્ દ્રષ્ટિયાદિ ગુણોએ યુક્ત એવા વિશેષણોએ અલંકૃત સમજવા. કહ્યું છે કે– " કોઇ પણ સાધુ અથવા સાધવી અને શ્રાવક અથવા શ્રાવીકા તદ્રુપ ચિત્તવાળા થઇને, તત્મન થઇને, તત્લેશ્યાવાન્ થઇને, તે રૂપ અધ્યવસાયવાળા થઇને, તદ્રુપ તીવ્ર અધ્યવસાયવંત થઇને, તદર્થે ઉપયુક્ત થઈને, તેનેજ પ્રીય માનીને, તદ્ભાવના ભાવીત થઇને, અન્યત્ર કોઇ પણ સ્થા-

---

૧ આ ચૈત્યવંદન શ્રાવકને સાત ચૈત્યવંદન કરવાના કહ્યા છે તેમાંનું છેલ્લું સમજવું.

૨ આ પ્રાયશ્ચિતોમાં લઘુ માસ, ગુરૂ માસ, ભિન્નમાસ, ચતુર્લઘુ, ચતુર્ગુરૂ વિગેરે સંજ્ઞાઓ છે તે ગુરૂગમ્ય જાણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નકે મનને ન ફેરવતા સતા, એકમનવાળા થઈને, વિમનપણા રહિત થઈને, જિનવચન અને ધર્મરાગને વિષે રક્ત મનવાળા થઈને ઉભયકાળ આવશ્યક કરે". આ પ્રમાણે આવશ્યક કરતા સતા ભવ્ય પ્રાણી સંસાર સમુદ્રના પાર પ્રત્યે પામે એ નિઃસંદેહ જાણવું.

## ઇતિ દૈવસિક પ્રતિક્રમણ ક્રમવિધિ.

### હવે રાત્રિક પ્રતિક્રમણનો ક્રમ કિંચિત્ અહેનુપણે કહીએ છીએ.

પ્રથમ રાતના પાછલા છેલા પ્રહરે નિદ્રા તજી દઈને પ્રથમ ઇરિયાવહી પ-ડિક્કમે. 'ઇરિયાવહી પડિક્કમ્યા વિના ચૈત્યવંદન, સઝાય, આવશ્યકાદિ કાંઇ પણ કરવું ન કલ્પે' એમ શ્રી મહાનિશિથ સૂત્રમાં કહ્યું છે. વળી શ્રી વિ-વાહ ચૂલિકાને વિષે કહ્યું છે કે—"દ્રવ્યાધિકારે ઋદ્ધિવંત અને કુસુમશેખરને તજી દઈને, પૌષધશાળામાં આવી, સ્થાપનાચાર્ય સ્થાપીને, મુકી દીધાં છે ભૂષણો જેને એવો શ્રાવક ઇરિયાવહી પુરસ્સર મુહપત્તિ પડિલેહિને પછી ચાર પ્રકારનો પૌષધ કરે." શ્રી આવશ્યક ચૂર્ણિમાં પણ કહ્યું છે કે—"ત્યાં ઢઢ્ઢર નામે શ્રાવક શરિર ચિંતા કરીને ઉપાશ્રય પ્રત્યે જાય, દૂરથી જણ નિરીહી કહીને ઉપાશ્રયમાં પ્રવેશ કરે અને ઢઢ્ઢર સ્વર વડે ઇરિયાવહી પ-ડિક્કમે" વળી કહ્યું છે કે—

**ववहारावस्सय महानिसीह, भगवइ विवाहचूलासु ।**
**पडिक्कमण चुन्निमाइसु, पढमं इरिया पडिक्कमणं ॥ १ ॥**

"શ્રી વ્યવહાર સૂત્ર, આવશ્યક સૂત્ર, મહાનિશીથ સૂત્ર, ભગવતિ સૂત્ર, વિવાહચૂલિકા તથા પ્રતિક્રમણ ચૂર્ણિ આદિને વિષે પ્રથમ ઇરિયાવહી પ્રતિક્રમવાનું કહેલું છે."

વળી શાસ્ત્રમાં કહ્યું છે કે—"પ્રથમ ગમનાગમન જે ઇરિયાવહી તે પડિક્કમીને, આલોઇને, નિંદા કરીને, ગરહા કરીને 'હા ઇતિ ખેદે! આ મા-રૂં દોષવંત કૃત્ય છે' એમ ચિંતવીને મિચ્છામી દુક્કડં દેય. પછી તથારૂપ પ્રાયશ્ચિત્તને આચરતા સતા કાયોત્સર્ગ કરીને આચરણ કરવા યોગ્ય જે ચૈ-ત્યવંદનાદિ અનુષ્ઠાન તેને વિષે ઉપયુક્ત થાય—જોડાય. જેમ દ્રવ્યાર્ચનને વિ-ષે પવીત્ર થવા માટે બાહ્ય તનુશુદ્ધિ કરાય છે તેમ ભાવાર્ચનને વિષે પ-વિત્ર થવા માટે ઇરિયાવહી પડિક્કમીને નિર્મળ ચિત્તવંત થવાનું છે." આ પ્રમાણેની અનેક પ્રકારની યુક્તિ અને ઉક્તિ વડે સિદ્ધ હોવાથી પ્રથમ ઇ-રિયાવહી પડિક્કમે. ઇરિયાવહીમાં પદ૩ પ્રકારના જીવો પ્રત્યે મિચ્છા દુક્કડ

For Private And Personal Use Only

હેવાય છે. તે જીવોના ૫૬૩ ભેદ આ પ્રમાણે—

નર્ક ગતિના ૧૪ ભેદ, તિર્યંચ ગતિના ૪૮ ભેદ, મનુષ્ય ગતિના ૩૦૩ ભેદ અને દેવ ગતિના ૧૯૮ ભેદ એમ ચાર ગતિના મળીને ૫૬૩ ભેદ થાય. તે પૃથક્ પૃથક્ બતાવે છે—સાત નર્કના પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં ચૌદ ભેદ થાય. પૃથ્વીકાય, અપ્પકાય, તેઉકાય, વાઉકાય અને સાધારણ વનસ્પતિકાય એ પાંચેના સૂક્ષ્મ, બાદર અને પર્યાપ્તા અપર્યાપ્તા ગણતાં વીશ ભેદ તથા પ્રત્યેક વનસ્પતિકાય અને વિગલેંદ્રી (બેઇંદ્રી, તેઇંદ્રી, ચૌરેંદ્રી) એ ચારના પર્યાપ્તા અપર્યાપ્તા ગણતાં આઠ ભેદ તથા જળચર, થળચર, ખેચર, ઉરપરી અને ભૂજપરી એ પાંચ પ્રકારના તિર્યંચ પંચેંદ્રીના સમુર્છિમ, ગર્ભજ તથા પર્યાપ્તા અપર્યાપ્તા ગણતાં વીશ ભેદ એમ સર્વ મળીને તિર્યંચ ગતિના ૪૮ ભેદ થાય. ૧૫ કર્મ ભૂમિ, ૩૦ અકર્મ ભૂમિ અને ૫૬ અંતરદ્વીપ કુલ ૧૦૧ ક્ષેત્રોના મનુષ્યને ગર્ભજ પર્યાપ્તા, ગર્ભજ અપર્યાપ્તા અને સમુર્છિમ અપર્યાપ્તા એમ ત્રણ પ્રકારે ગુણતાં મનુષ્યગતિના ૩૦૩ થાય. ૧૦ ભુવનપતિ, ૧૫ પરમાધામી, ૧૦ તિર્યગ જૃંભક[1], ૮ વ્યંતર, ૮ વાણવ્યંતર, ૫ ચરજ્યોતિષી, ૫ સ્થીરજ્યોતિષી, ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તરવિમાન, ૩ કીલ્બીષી, ૯ લોકાંતિક એ પ્રમાણે કુલ ૯૯ પ્રકારના દેવતાને પર્યાપ્તા અપર્યાપ્તા ગણતાં દેવગતિના કુલ ૧૯૮ ભેદ થાય. સર્વ ચાર ગતિના મળીને ૫૬૩ ભેદ થાય.

એ ૫૬૩ ભેદને **અભિહયા** વિગેરે દશ પદે જીવવિરાધના થવાના છે તેથી દશ પ્રકારે ગુણતાં ૫૬૩૦ થાય. રાગ અને દ્વેષ કરીને વિરાધના થઈ હોય તેથી તે બે પ્રકારે ગુણતા ૧૧૨૬૦ થાય મન, વચન, કાયા એ ત્રણ યોગે કરીને વિરાધના થાય તેથી તેને ત્રણ ગુણા કરતાં ૩૩૭૮૦ થાય. તેને કરવું, કરાવવું, અનુમોદવું એ ત્રણ પ્રકારે ગુણતાં ૧૦૧૩૪૦ થાય. તેને ત્રણ કાળ (અતિત, અનાગત, વર્તમાન) માં થયેલ વિરાધનાનો મિચ્છામી દુક્કડ દેવા માટે ત્રણગુણા કરતાં ૩૦૪૦૨૦ થાય તેને અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરૂ અને આત્મા એ છ સાક્ષીવડે યુક્ત મિચ્છામીદુક્કડ દેવા માટે છ ગુણા કરતાં ૧૮૨૪૧૨૦ ભેદ મિચ્છામીદુક્કડના થાય. ઇરિઆવહીના મિચ્છામીદુક્કડનું પ્રમાણ આ પ્રમાણે સિદ્ધાંતને વિષે કથન કરેલું છે.

---

૧ એમની સ્થિતી પાંચ ભરત અને પાંચ ઐરાવતના કુલ ૧૦ વૈતાઢ્યને વિષે જાણવી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રમાણે ઇરિયાવહી પડિક્કમી છે જેણે એવા સાધુ અને કર્યું છે સામાયક જેણે એવા શ્રાવક એક ખમાસમણ પૂર્વક कुसुमिण दुस्सुमिण उहडावणिअं राइय पायच्छित्त विसोहणत्थं काउस्सग्गं करेमि० ઇત્યાદિ કહીને ચાર ચતુર્વિંશતીસ્તવ (લોગસ્સ) ચિંતવવારૂપ ૧૦૦ શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરે. સ્ત્રીસેવાદિરૂપ કુસ્વપ્ન લાગેલ હોય તો ૧૦૮ શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરે.[1] રાગાદિમય સ્વપ્ન તે કુસ્વપ્ન અને દ્વેષાદિમય તે દુઃસ્વપ્ન જાણવું. સ્ત્રીને અનુરાગવડે સ્વપ્નમાં જોયા હોય તો તે દૃષ્ટિ વિપર્યાસ કહેવાય તે નિમિત્તે ૧૦૦ શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરવો અને સ્વપ્નમાં અબ્રહ્મનું આસેવન કર્યું હોય તે સ્ત્રી વિપર્યાસ કહીએ તે નિમિત્તે ૧૦૮ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવો. આ હકીકત સ્ત્રી સંગ વિરહીત એવા મુનિરાજને માટે જાણવી.

આ કાયોત્સર્ગ દુઃસ્વપ્નાદિ થકી ઉત્પન્ન થયેલા પાતકની શુદ્ધિને અર્થે પ્રાયશ્ચિત્તરૂપ હોવાથી રાત્રીક આવશ્યક (રાઇપ્રતિક્રમણ) થકી ભિન્ન જાણવો.

ત્યાર પછી સર્વ ધર્માનુષ્ઠાન શ્રીદેવગુરૂ વંદણ પૂર્વક કરે તો સફળ છે માટે પ્રથમ ચૈત્યવંદન (જગચિંતામણીનું જયવિયરાય પર્યંત) કરે અને પછી સ્વાધ્યાય કાયોત્સર્ગાદિક ધર્મ વ્યાપારમાં જ્યાં સુધી પ્રાભાતિક પ્રતિક્રમણનો યથોક્ત સમય થાય ત્યાં સુધી પ્રવર્તે. જ્યારે બરાબર સમય થાય ત્યારે ચાર ક્ષમાસમણવડે શ્રી ગુર્વાદિકને વંદન કરીને ક્ષમાસમણ પૂર્વક राइय पडिक्कमणे ठाउं० ઇત્યાદિ વચનવડે આદેશ માગીને सव्व स्सवि राइय० ઇત્યાદિ સકળ રાત્રિક અતિચારના બીજકભૂત સૂત્ર કહે[1] અને પછી શક્રસ્તવ બોલે.

અહિં પ્રથમ ચૈત્યવંદન કરેલું છે તે સ્વાધ્યાયાદિ ધર્મ કૃત્ય પ્રતિબદ્ધ

---

૧ ચારે લોગસ્સ सागरवरगंभीरा સુધી ૨૭-૨૭ શ્વાસોશ્વાસ પ્રમાણ ગણવા એટલે ૧૦૮ શ્વાસોશ્વાસ થાય.

૧ અહીં સ્વાધ્યાયની પછી ચાર ખમાસમણાવડે ગુર્વાદિવંદન કહ્યું તે હાલમાં સ્વાધ્યાય આગાઉ કરવાનું પ્રવર્તન છે. સ્વાધ્યાય કર્યા પછી સુખ સાતા પૃચ્છા બોલવાનું હાલમાં પ્રવર્તન છે તે આમાં નથી કહ્યું અને પ્રતિક્રમણની સ્થાપનાના પ્રારંભમાં આદેશ માગવા માટે આમા ખમાસમણ દેવાનું કહ્યું છે તે પ્રવર્તન હાલમાં નથી એ સર્વ સમાચારી પરંપરાદિકને અનુસારે સમજવું. એમાં શંકા ન કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણવું. રાત્રિક આવશ્યક સંબંધી ન જાણવું. તેજ કારણ માટે અહીં પ્રતિક્રમણની સ્થાપના કર્યા પછી આરંભમાં મંગળીકાદિકને અર્થે શક્રસ્તવપાઠ સમજવો. પૂર્વે ચૈત્યવંદન કર્યા છતાં પણ આ શક્રસ્તવવડે સંક્ષેપ દેવવંદન કરવાથકી અધિક ભક્તિ સર્વત્ર કરવા યોગ્ય છે એમ સ્મરણમાં રાખવું. અહીંયાં બીજા પણ કારણો યથાગમ સંપ્રદાયાદિ સ્વયમેવ સમજી લેવા.

અપૂર્ણ.

# संबोधसतरी.

અનુસંધાન પૃષ્ઠ. ૯૬ થી.

ગાથા ૭૮ મીનો ભાવાર્થ—ચારીત્ર યુક્ત પ્રાણીનો અલ્પ શ્રુતાભ્યાસ પણ વૈરાગ્યવાળો તથા ત્યાગ બુદ્ધિની વૃદ્ધિને કરનારો હોવાથી તે પ્રકાશ કહેવાય છે. કેમકે ખરો પ્રકાશ તેનેજ ગણો કહીએ કે જે અંધકારમાં રહેલ રત્નને ગ્રહણ કરી શકે તેમ એ પ્રાણી ભાવાંધકારમાંથી રત્ન ત્રયને શોધીને તેનું આરાધન કરે છે તેથી તેનો અલ્પ શ્રુતાભ્યાસ પણ પ્રકાશને કરનારો છે. ચક્ષુવાળાને એક દીપક હોય છે તો તે પણ સર્વ વસ્તુને દેખાડનાર થાય છે. માટે સર્વ પ્રાણીઓ જેમ જેમ જ્ઞાનાભ્યાસની વૃદ્ધિ થતી જાય તેમ તેમ ચારિત્રાનુષ્ઠાનમાં વિશેષ પ્રકારે પ્રયત્નવાન્ થવું જોઇએ. કેટલાએક જ્ઞાનીપણાનો મિથ્યાડોળ ઘાલનારાઓ સંસારના રંગમાં લીન થયેલા અને ઇંદ્રિયોના વિષયોમાં રક્ત થયેલા હોવાથી, ભારે કર્મીપણાને લીધે પોતાથી છોડી શકાતું ન હોવાથી પોતાના દોષને ઢાંકવા સારૂ એકાંત જ્ઞાનની પુષ્ટી કરે છે અને ક્રિયાને તુચ્છકારી નાખે છે તેમને માટે આ સિદ્ધાંતમાંથી ઉદ્ધરેલી ગાથાઓ બહુ મજબુત સપાટો લગાવે છે. ખરી જ્ઞાન પ્રાપ્તી થઇ હોય તે પ્રાણી જરૂર અનિત્ય, અસાર, ભવભ્રમણના હેતુ અને પ્રાંતે નર્ક તિર્યંચાદી ગતિના દુઃખને આપનારા સંસારના વિષયોથી પરાઙ્મુખ થયા વિના રહે નહિં. અને કદાચિ કર્મોદયવડે ત્યાગ થઇ ન શકે તો તે પોતાના આત્માની નિંદા કરે, ત્યાગ કરનારાઓને શ્રેષ્ઠ માની તેઓની સ્તુતિ કરે અને પોતે નિરંતર ત્યાગી થવાનો ખપી રહ્યા કરે પરંતુ એ લોકો મિથ્યાવાક્છળથી પોતાનો બચાવ કરે નહીં. એવા પ્રાણી પોતે જરૂર પોતાના આત્માનું હિત કરે પરંતુ પ્રથમ કહ્યા તેવા ખોટી રીતે પોતાનો બચાવ કરનારા અને ઇંદ્રિયોના વિષયોને તીવ્રપણે સેવનારા ઢાંગીકો

For Private And Personal Use Only

પોતાના આત્માનું હિત ન કરતાં અહિત કરે અને ભવભ્રમણને વધારે માટે ઉત્તમજનોએ બની શકે તે પ્રમાણે ત્યાગ કરતાં જવું અને નિરંતર વિશેષ ત્યાગી થવાના ઇચ્છક રહેવું તેમજ ત્યાગી મહાપુરૂષોની સેવા ભ-ક્તિમાં ઉજમવંત થવું જેથી ખરૂં આત્મહિત પ્રગટ થશે. આવા ઉત્તમ વિચારોથીજ સર્વ વિરતીપણાને ઇચ્છનારા શ્રાવકો દ્વાદશવ્રતનું આરાધન ક-રીને પછી ચારિત્રની તુલના કરવા માટે શ્રાવકની ૧૧ પડિમાનું વહન કરે છે. તેમાં ૧૧ મી પ્રતિમા તો શ્રમણ ભૂત પ્રતિમા છે તે ૧૧ પડિમાને પ્રદર્શિત કરવા માટે શાસ્ત્રકાર કહે છે.

**दंसण वय सामाइय, पोसह पडिमा अबंभ सचित्ते ।**
**आरंभ पेस उद्दिट्ठवज्जए समणभूए अ ॥ ७९ ॥**

અર્થ—૧સમ્યક્ત પડિમા, ૨ વ્રત પ્રતિમા, ૩ સામાયિક પ્રતિમા, ૪ પૌષધ પ્રતિમા, ૫ કાયોત્સર્ગ પ્રતિમા, ૬ અબ્રહ્મવર્જક પ્રતિમા, ૭ સચિત્ત વર્જક પ્રતિમા, ૮ આરંભવર્જક પ્રતિમા, ૯ પ્રેષ્યવર્જક પ્રતિમા, ૧૦ ઉદ્દિષ્ટવર્જક પ્રતિમા અને ૧૧ મી શ્રવણભૂત પ્રતિમા. એ પ્રમાણે ૧૧ પ્રતિમા જાણવી. તેનું વિશેષ સ્વરૂપ આ પ્રમાણે.

૧ પહેલી દર્શન—સમ્યક્ત પ્રતિમા તે એક માસ પર્યંત જાણવી તેને વિષે ઉપશમ, સંવેદ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય એ પાંચ લક્ષણ યુક્ત શંકાદિ શલ્ય વિરહિત, નિરતિચારપણે, રાજાભિયોગેણં વિગેરે આગાર ર-હિત—અપવાદવર્જીત તથા વિધિ સમ્યગ્ દર્શનાચારનું વિશેષ પ્રકારે પ્રતિપા-લન કરે એવી રીતે વર્તનારને પ્રથમ પ્રતિમાના આરાધનાર કહીએ. દેવતા દિકના છળે કરીને-કષ્ટ પમાડવે કરીને પણ તે કિંચિત્ માત્ર સમ્યક્તને અતિચાર દોષ પણ લગાડે નહીં.

૨ બીજી વ્રત પડિમા તેની સ્થિતિ બે માસની જાણવી અને પ્રથમ પ્રતિમા સંયુક્ત સમજવી. એ પડિમામાં નિરતિચારપણે પાંચ અણુવ્રત અને ઉપલક્ષણથી ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત પાળે. અનુકંપાદી ગુણે ક-રીને યુક્ત વર્ત્તે.

૩ ત્રીજી સામાયિક પ્રતિમા. દર્શન અને વ્રત પડિમાના પ્રતિબંધ સં યુક્ત, ત્રણમાસ પર્યંત, પ્રતિદિન ઉભય સંધ્યાએ સામાયિક કરવું તેમાં સા-વદ્ય યોગનું વર્જન અને નિરવદ્ય યોગનું સેવન સમજવું. બત્રીશ દોષ ર-હીત તે ત્રીજી પ્રતિમા જાણવી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ ચોથી પૌષધ પ્રતિમા. પુર્વની ત્રણે પ્રતિમા સંયુક્ત, ચાર માસ પર્યંત આઠમી ચતુર્દશીએ ચારે પ્રકારનો પૌષધ કરવો, દોષ ન લગાડવો તે ચોથી પ્રતિમા જાણવી.

૫ પાંચમી પડિમા પ્રતિમા એટલે કાયોત્સર્ગ પ્રતિમા. તે પર્વોક્ત ચારે પ્રતિમાના સ્વરૂપ સંયુક્ત પાંચ માસ પર્યંત જાણવી તેને વિષે સમકિત, અણુવ્રત, ગુણવ્રત ને શિક્ષાવ્રત સંયુક્તપણે સ્થિર ચિત્તવંત, જ્ઞાનવાન (પ્રતિમાના કલ્પનો જાણ) એવો તે પ્રતિમાધારક આઠમી ચતુર્દશીને વિષે આઠપ્રહરનો પોસહ કરીને એક રાત્રી પર્યંત શૂન્ય ગૃહે ચતુઃપથાદિકે કાયોત્સર્ગ મુદ્રાએ રહે. સ્નાનવર્જ્ય, દિવસે બ્રહ્મચર્ય નિરંતર પાળે, રાત્રે પ્રતિમાના તથા પર્વ તીથીઓના દિવસોને વર્જીને અબ્રહ્મ-સેવનનું એકવાર બેવારનુ પ્રમાણ કરે, રાત્રી ભોજનનો ત્યાગ કરે. પ્રકાશ યુક્ત સ્થળે ભોજન કરે. કાયોત્સર્ગમાં ત્રણ લોકના પૂજ્ય જીનેશ્વર, જીતકષાય એવા અરીહંતનું તથા કામ ક્રોધાદિક પોતાના દોષના પ્રત્યનિક ક્ષમાદિકનું ધ્યાન કરે. કાયોત્સર્ગને સમયે કાછડી વાળ્યા વિના વસ્ત્ર ધારણ કરે[1] આ પ્રમાણે પાંચમી પ્રતિમાનું સ્વરૂપ જાણવું.

૬ છઠ્ઠી અબ્રહ્મવર્જન પ્રતિમા. પૂર્વની પ્રતિમાના ગુણયુક્ત ૭ માસની એની સ્થિતિ છે તેમાં દીવસ રાત્ર સર્વથા અબ્રહ્મનો ત્યાગ કરે. શૃંગાર કથાને વર્જે. સ્ત્રીની સાથે એકાંતમાં રહે નહીં, અતી પ્રસંગનો ત્યાગ કરે, શરીરની વિભુષા બીલકુલ ન કરે. સ્ત્રી સંઘાતે સરાગપણે વાત ચિત પણ ન કરે. એ પ્રમાણે છઠ્ઠી પ્રતિમા જાણવી.

૭ સાતમી સચિતવર્જન પ્રતિમા તેમાં પૂર્વોક્ત છએ પ્રતિમાના આરાધન યુકત સાત માસ પર્યંત સચિત્ત ભોજનને વર્જે કોઇ પ્રકારનો સચિત્ત આહાર ન કરે.

૮ આઠમી આરંભવર્જન પ્રતિમા-તે પુર્વોકત સાતે પ્રતિમાના ગુણ સંયુકત આઠ માસ પર્યંત પોતે આરંભ ન કરે. આજીવીકાદિ નિમિત્તે સેવક પાસે આરંભ કરાવે; કોઇ પ્રશ્ન કરે કે-કરવામાં અને કરાવવામાં તો સરખો દોષ છે તો તેને દોષ તો લાગે; આ વાત સત્ય છે તથાપી કરવા કરતાં કરાવવામાં ઓછો દોષ છે તેથી થોડી પણ આરંભની નિવૃત્તિ તે સારીજ સમજવી. જેમ મોટો વ્યાધિ થએલ હોય-તે થોડોક ઓછો થાય તો પણ સુખ થાય છે. તે પ્રમાણે અહીં પણ સમજવું.

અપૂર્ણ.

---

૧ એને "અગાઢ પરીધાન કરછ" કહીએ.

For Private And Personal Use Only

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન પુસ્તકાલય.

## ( તત્સંબંધે ઉપજેલા વિચાર )

જૈન શાસ્ત્રમાં ગૃહસ્થને પોતાનું દ્રવ્ય સુમાર્ગે ખરચવા માટે જિનદેરાસર, જિનપ્રતિમા, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સાત ક્ષેત્ર બતાવ્યા છે. વિચાર કરતાં આ સર્વ ક્ષેત્રો ઉત્તમ જણાય છે. અને તેમાં ખર્ચ કરતા અત્યંત લાભ થતોજ જોઈએ એમ પણ જણાય છે. પરન્તુ હાલમાં તે દરેક ક્ષેત્ર સંબંધે શાસ્ત્રોક્ત રીતિ મુજબ ખર્ચ કરવામાં આવતો નથી પણ ગાડરીઆ પ્રવાહની પેઠે આપણા દ્રવ્યવાન જૈનબંધુઓ ગમે તો કીર્તિના લોભથી અથવા અજ્ઞાનતાના કારણથી એકજ રસ્તે દોરાય છે. ઘણો ખર્ચ તો સ્વામીવત્સલ જમાડવાની બાબતમાં અને તે પણ મોટાઈ મેળવવાના-મ્હોટાઈમાં ખપવાના લોભથી કરવામાં આવે છે. અને તેથી ઉતરતો દરજ્જે બીજો ખર્ચ નવા દેરાશર કરાવવામાં અથવા પોતાનું કોઈ મરી ગયું હોય તેના નામથી નવી પ્રતિમાઓ બેસારવામાં થાય છે. સાધુ સાધ્વીની સમયોચિત રીતે ક્ષેત્રને અનુસરીને ભક્તિ થાય છે. પરંતુ આથી ખરો હેતુ કોઈ પણ બાબતમાં સચવાતો નથી. કેવળી અને તીર્થંકરના આવા વિરહને સમયે શાસનનો ખરો આધાર જ્ઞાનનો અને જીન પ્રતિમાનો છે અને તેમાં પણ શાસનને જાણવાનું સાધન જ્ઞાન હોય તોજ જિન પ્રતિમાની પણ ઓળખાણ પડે ત્યારે ખરી રીતે જિનેંદ્ર દેવનું શાસન ચાલવાનો મુખ્ય આધાર જ્ઞાન-જ્ઞાનના પુસ્તકો ઉપર છે. તે સંબંધે કાંઈપણ ખર્ચ કરવામાં આવતો નથી; કદાચ કોઈ ઠેકાણે સહેજ સાજ ખર્ચ કરવામાં આવે છે તો તે અયોગ્ય રસ્તે થાય છે. નવા દેરાશર કરાવવા એમાં સંપૂર્ણ લાભ છે એની તો કોઈથી ના પડાશેજ નહીં પરંતુ તે જ્યાં એક પણ દેરૂં ન હોય ત્યાં. જ્યાં ગામના પ્રમાણમાં દેરાસરો હોય છતાં પણ નવા દેરાશર બનાવવામાં પૈસા ખર્ચવા અને તને તે ગામમાં બીજા દેરાનો ખર્ચ પણ ચાલી શકતો ન હોય અથવા જીર્ણ થઈ અવ્યવસ્થિત સ્થિતિ થઈ હોય તે ઉપર ધ્યાન ન આપવું એ કાંઈ ઉચિત જણાતું નથી. બલ્કે બીજે ઠેકાણે પણ જીર્ણ દેરાસર હોય તો તેમાં પૈસા ખર્ચવા એ નવું દેરાસર કરાવ્યા કરતા અધિક પુણ્ય બંધ કરાવનાર માર્ગ છે. શ્રાવક શ્રાવિકાની બાબતમાં પણ ફક્ત મોટાઈથી સ્વામી વત્સલ જમાડવામાં આવે છે. તેને બદલે ગરીબ શ્રાવક બાઇઓને નિરંતર જમાડવા, તેઓનું ગુજરાન ચાલે તેવા ઉદ્યોગે ગોઠવવા, તેઓને ધર્મ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરાવવું, તેઓ સુમાર્ગે ચડે એવા બોધ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા કેળવાયેલા ગ્રેજ્યુએટોએ એ ઉપર ધ્યાન આપશે તો ઘણો લાભ થાય.

એકંદર વિચાર કરતાં ત્રણ મોટા કામની જરૂર છે. એક ફંડ એવું જોઈએ કે તેમાંથી એક એવો જૈન પુસ્તકોનો ભંડાર થાય કે તેમાં આખર મળી શકતાં દરેક જૈન સૂત્ર અને દરેક જૈન ગ્રંથ હોય. બીજું ફંડ એવું જોઈએ કે તેમાંથી જે જે જગ્યાએ જીર્ણ દેરાસર હોય ત્યાં માણસો મોકલીને તે સમરાવી શકાય અને ત્રીજું ફંડ એવું જોઈએ કે તેમાંથી ગરીબ જૈન ભાઈઓને ભૂખમરાથી અટકાવી શકાય, તેઓને સુમાર્ગે ગુજરાન ચલાવવાના રસ્તા ઉપર ચડાવી શકાય. ગરીબ શ્રાવકોના છોકરાઓને ભણાવવામાં મદદ આપી શકાય અને એ રીતે જૈન કોમની ઉન્નતિ થાય તેવા ઉપાય યોજી શકાય. હાલમાં જૈન કોમ તરફથી ઘણા પૈસા શુભમાર્ગે ખરચાય છે પરંતુ આવા સંગીન લાભ થાય તેવી રીતે ખરચવામાં આવતા નથી. મુંબઈની જૈન એસોસીએશને આવોજ સવાલ માટે ફંડનું એક ઉઘરાણું કર્યું હતું અને થોડા ઘણા રૂપીઆ એકત્ર કર્યા પણ હતા પરંતુ તેથી ચોક્કસ લાભ થયા હોય એવું જાણવામાં આવ્યું નથી.

જ્ઞાનના ભંડાર બાબત તો વિદ્દદ્વર્ય મુનિ મહારાજો અને જ્ઞાનના શોખીલા શ્રાવક ભાઈઓ ઘણીવાર ઘણે ઠેકાણે લખી બોલી ચુકયા છે પરંતુ તે સંબંધી કોઈપણ ઠેકાણે સંગીન ભંડાર કરવામાં આવેલ નથી. એમ સાંભળ્યું છે કે અમદાવાદમાં એક મ્હોટો ભંડાર કરવા માટે ટીપ કરવામાં આવી હતી પણ અંદર અંદરના કાંઈ તકરારથી પાછળ તે ટીપ ઉઘરાવીજ નહિ. ઉપર જે ત્રણ બાબતો ગણી તેમાં જ્ઞાનના ભંડાર બાબત કાંઈ પણ થતું નથી એથી ઘણોજ ગેર લાભ છે કારણ કે હજારો જૈન ગ્રંથો-જેનો જૈનોની બે દરકારીથી નાશ થાય છે-તેવા ફરી મળવા અશક્ય છે કારણ કે પૂર્વાચાર્યો જે ગ્રંથો બનાવી ગયા છે તે બનાવવાને આજે કોઈ શક્તિમાન નથી. આ બાબતની જૈન ભાઈઓની બે દરકારી ઘણી શોચનીય છે.

આવા વખતમાં સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં એક જૈન પુસ્તકાલય સ્થાપવા સંબંધી જાહેર ખબરો વાંચી અત્યંત સંતોષ થયો. વળી એ પુસ્તકાલયનો હિસાબ સર્વે શેઠ. આણંદજી કલ્યાણજીની પેઢીમાં રહેવાનો છે એથી વધારે સંતોષ થાય છે. અમે ઇચ્છીએ છીએ કે એ પુસ્તકાલય આપણે ઉપર કહી ગયા તેવા ભંડારની ગરજ સારનાર થાય! એ પુસ્તકાલયને ઉત્તેજન આપનાર માણસ રૂપીઆ) આપવાથી પુસ્તકાલયનો લાઇફ મેંબર થઇ શકે એવો નિયમ રાખ્યો છે. દરેક ધનવાન જૈનભાઈએ લાઇફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેમ્બર થઈ પુસ્તકાલયને મદદ આપવી ઉચિત છે કારણકે તેથી અલભ્ય લાભ થશે.

પુસ્તકાલય સારી રિતિએ ચાલે અને આદર્શ રૂપ જૈન પ્રજાનો ઉપકાર થાય તે માટે અમે પુસ્તકાલયના સેક્રેટરીને થોડીક સુચના આપવા ધારીએ છીએ આશા છે કે તેઓ એ સુચના ઉપર ધ્યાન આપશે.

પુસ્તકાલયના લાઇફ મેમ્બર થનાર (જેમ રૂા. ) આપવાથી લાઇફ મેમ્બર થઇ શકે એવો નિયમ રાખ્યો છે તેમ તેથી ઓછી રકમ જે કોઇ શ્રાવકભાઇ પુસ્તકાલયને ભેટ આપે તે સ્વીકારવાનો નિયમ રાખવો.

શેઠ. આણંદજી કલ્યાણજીની પેઢીમાં જે જે ખાતાના રૂપિયા લેવાય છે તેમા પુસ્તકાલય માટે રૂપિયા લેવાનું પણ દાખલ કરવું અને યાત્રા કરવા આવનાર જૈનભાઇઓના મન ઉપર પુસ્તકાલયની જરૂર જણાવવાનો નિયમ રાખી તે ખાતામાં પણ કાંઇ રકમ જરૂર લેવા યત્ન કરવો.

શેઠ. આણંદજી કલ્યાણજીની પેઢીમાં જ્ઞાન ખાતે રૂપિયા જમે હોય અથવા સાતક્ષેત્ર ખાતે રૂપિયા જમે હોય તેમાંથી જે જ્ઞાન ખાતાને ભાગે રૂપિયા આવી શકે તે રૂપિયા પણ આ પુસ્તકાલયને માટે પુસ્તકો લેવા માટે વાપરવાની મેનેજીંગ કમીટી પાસેથી રજા મેળવવી કારણકે પુસ્તકાલય પણ આણંદજી કલ્યાણજીની જ મીલકત છે તો જ્ઞાન ખાતાના રૂપિયા ચોપડામાં જમે પડ્યા રહે તે કરતા આપનાર ભાઇએ જે મતલબથી આપ્યા હોય તે મતલબ સચવાય અને એક ઉપયોગી કાર્ય થાય.

જેમ જેમ રૂપિયા એકત્ર થાય તેમ તેમ પુસ્તકો લખાવવા માંડવા અને તે જેમ બને તેમ શુદ્ધ લખાવવા.

પુસ્તકાલયમાં દાખલ થયેલ પુસ્તક જેને આપવું તેને જામીન લઇ વાંચવા ભણવા આપવું પણ તેમાંથી એક પણ પુસ્તક કોઇને આપી દેવાય નહીં તેવો નિયમ કરવો.

આવી આવી બાબત ઉપર જો પુસ્તકાલયના માનવંતા મંત્રીઓ ધ્યાન આપશે તો તેઓએ જે સુકાર્ય ઉપાડયું છે તે બરાબર ફળીભૂત થશે અને સિદ્ધક્ષેત્ર જ્યાં આવું પુસ્તકાલય થવું જ જોઇએ ત્યાં એક આદર્શરૂપ પુસ્તકાલય થશે. અમે ઇચ્છીએ છીએ કે તેઓનો હેતુ ફળીભૂત થાય!!

સર્વે જૈનબંધુઓને અમે આ વિષય લગતી ભલામણ કરીએ છીએ કે સૌએ પોતપોતાની શક્તિ પ્રમાણે આ પુસ્તકાલયને મદદ કરવી. આવી થોડી થોડી મદદ કરવાથી એક ઉપયોગી કાર્ય થશે અને જે જૈનગ્રંથો છે તે હવે પછી કાયમ રહે તેમ થવામાં તમે મદદ આપેલી ગણાશે.

For Private And Personal Use Only